૧૨૨૦૩- ૪૩૬

જા.નં./પેન્શન/૧૭-૧૮/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
કારેલી બાગ, વડોદરા
તા.૦૬/૦૩/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
તમામ, જિ.વડોદરા

વિષય :- સાતમાં પગાર પંચનાં સ્ટીકર મેળવવા અંગેની કાર્યવાહી બાબત...
સંદર્ભ :- નાણાં વિભાગનાં પરિપત્ર ક્રમાંક:પગર-૧૦-૨૦૧૬-ઓ-૫૭૮(૧૬)-પગાર એકમ તા.૦૭-૨-૨૦૧૮

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સાતમા પગાર પંચના અમલ સંદર્ભે ઓન લાઇન પગાર ચકાસણી કરી પી.વી.યુ. ગાંધીનગર ખાતેથી સ્ટીકર મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની સૂચના ઉકત સંદર્ભદર્શિત પત્રાથી મળેલ છે, તે મુજબ જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળામાંથી તા.૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓના સાતમાં પગાર પંચ મુજબ ઓન લાઇન પગાર બાંધણીના કેસ ઓન લાઇન ચકાસણી માટે આ અગાઉ કેમ્પ કરવામાં આવેલ હતો. સદર કેમ્પ દરમ્યાન જે શાળાઓનાં કર્મચારીઓના ટેકનીકલ કારણસર ઓનલાઇન અપલોડ કરવનાં બાકી છે તેવી શાળાઓને અત્રેથી ફરીવાર તા.૦૭-૦૩-૨૦૧૮ અને તા.૦૮-૦૩-૨૧૮ નાં રોજ એસ.વી.એસ. ૧ થી ૭ ની બાકી તમામ શાળાઓએ હાજર રહી સ્ટીકર મેળવવા માટે ઓનલાઇન ચકાસણી અંગેની કામગીરી પૂર્ણ કરાવી લેવી.

(૧) ૦૧-૦૧-૧૯૯૬ નો પાંચમાં પગાર પંચનો સિકકો
(૨) ૧-૧-૧૯૯૬ પછી કોઇ ઇવેન્ટ હોય તે (જેવી કે ઉ.પ.ધો./બઢતીનો સિકકો સ્કેન કરવો)
(૩) છઠ્ઠા પગાર પંચનું સ્ટીકર સ્કેન કરવું.
(૪) તા.૦૧-૦૧-૨૦૦૬ પછી કોઇ ઇવેન્ટ હોય તે (જેવી કે ઉ.પ.ધો./બઢતીનો સિકકો સ્કેન કરવો)



Scanned by CamScanner

(૫) તા.૦૧-૦૧-૨૦૦૬ પછી (કપાત પગારી રજા/ બરતરફી/ફરજમૌકૂફી વગરે ની નોંધનું પેજ સ્કેન કરવું)

ક્રમ નં. ૧ અને ૨ ની વિગતો સ્કેન કરી એક જ પી.ડી.એફ. ફાઇલમાં અને ક્રમ નં.૩ થી ૫ ની વિગતો સ્કેન કરી એક પી.ડી.એફ ફાઇલમાં એમ કુલ એક જ કર્મચારીની બે પી.ડી.એફ ફાઇલ થશે (સાઝઇ બે એમ.બી.માં)કર્મચારી વાઇઝ ફોલ્ડર બનાવવું અને સી.ડી.માં કોપી કરીને લાવવું. સી.ડી.પર શાળાનું નામ અને એસ.વી.એસ.નો નંબર લખવાનો રહેશે.

તા.૧૬-૦૨-૧૮ થી તા.૨૩-૦૨-૧૮ દરમ્યાન જે શાળાઓનાં કેસ ફોરવર્ડ કરવામાં આવેલ ન હતા અને પેન્ડીગ છે તેવા કર્મચારીઓને ઉકત બાબત લાગુ પડશે. કેમ્પ દરમ્યાન જે તે શાળાનાં કર્મચારીઓને મૌખિક સૂચના આપેલ છે તેઓએ જ હાજર રહેવું.

જિલ્લા શિક્ષણાધિકારી

વડોદરા

Scanned by CamScanner